|| ॐ શ્રી સાઈરામ ||

## || ॐ શ્રી સાઈ દીનજન પોષણાય નમ: || (૪૪)

## દીન-દુ: ખી, ગરીબ અને ત્રસ્ત લોકોને આધાર આપીને તેમનું પાલન પોષણ કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાનના જે સાત લક્ષણ કહ્યાં છે, તેમાં સૃષ્ટિ (ઉત્પત્તિ), સ્થિતિ અને લય, આ ત્રણ લક્ષણો એટલે-સૃષ્ટિ-નિર્માણ કરવી, સ્થિતિ-સંભાળ કરવી, સંરક્ષણ કરવું અને લય-વિસર્જન કરવું એ થાય છે.

સ્વામી સાક્ષાત્ ભગવાન હોવાથી તેમને આ લક્ષણો ઉત્તમ રીતે શોભે છે. સ્થિતિ એટલે સમસ્ત પ્રાણીમાત્રની સંભાળ કરીને તેમનું સંરક્ષણ કરવાનું કામ સ્વામી સતત કરતા હોય છે.

બાળપણથી જ સ્વામી દરવાજા સામે આવેલા ગરીબોને અન્ન અને વસ્ત્ર આપતા અને ઘરના લોકોએ પણ તેમ જ કરવું એવી જીદ કરતાં. એટલા માટે ઘણીવાર તેમને માતા ઈશ્વરમ્મા વઢતા, પરંતુ બાળ સત્યા તેના નિશ્ચયને વળગી રહેતો.

અવતાર ધારણ કર્યો ત્યારથી સ્વામી પાસે આવનારા આર્ત એટલે દુ: ખી ભક્ત અને અર્થાર્થી એટલે ધન સંપત્તિની આશા ધરાવનારા ગરીબોની જે ભીડ થઈ, તે અત્યાર સુધી સતત ચાલુ જ છે. આવા પીડિતોની સમીપ આવીને, આધાર આપીને તેમનું પાલનપોષણ તો સ્વામી કરે જ છે, પરંતુ તેમના ગુણોના પણ વખાણ કરે છે. આ વિશેની આ એક અલગ કથા.

સ્વામી પાસે જેમ આર્ત (દુઃખી) અને અર્થાર્થી ભક્તો આવે છે, તેમ જ જિજ્ઞાસુ અને પોતાને જ્ઞાની (સમજનારા) ભક્તો પણ આવે છે. આવી જ રીતે થોડા વર્ષો પહેલાં એક વિદ્વાન સ્ત્રી ભક્ત ત્યાં આવવા લાગ્યા. અત્યંત વિદ્વાન હોવાથી આ મહિલાનું ઘણી ભાષાઓ પર પ્રભુત્વ તો હતું જ, પરંતુ કોઈ પણ ગધને છંદબદ્ધ રીતે પદ્યમાં રૂપાંતર કરવામાં પણ તે પ્રવીણ હતા. (માહેર હતા) સ્વામીનો મહિમા સાંભળીને તે સ્વામી પાસે આવ્યા. સ્વામીના દર્શન થયાં. પાદસ્પર્શ અને સંભાષણનો પણ લાભ મળ્યો અને તે વિદ્વાન સ્ત્રીએ તરત જ સ્વામી ઉપર એક કવિતા કરી અને સ્વામીને સંભળાવી. આ સાંભળતા જ સ્વામીએ અત્યંત પ્રેમથી આનંદ વ્યક્ત કર્યો.

ત્યાર પછી તે વિદ્વાન સ્ત્રી જયારે જ્યારે સ્વામીના દર્શન માટે જતા, ત્યારે ઓછામાં ઓછી એક કવિતા સ્વામીને સંભળાવતા. સ્વામી કામમાં ગમે તેટલા વ્યસ્ત હોય તો પણ કવિતા સાંભળીને તે વિદ્વાન સ્ત્રીના વખાણ કરતા. જાણે આ નિત્યક્રમ જ થયો હતો. ધીરે ધીરે તે વિદુષીના (વિદ્વાન સ્ત્રી)

મનમાં સહકારની ભાવના નિર્માણ થઇ. એક વાર આમ જ તે સ્વામીના દર્શને ગયા હતા ત્યારે, પ્રથમ સ્વામીએ તેમની તરફ ધ્યાન જ આપ્યું નહીં. ત્યારે તે પોતે ઊઠીને સ્વામીની સામે જઈને ઉભા રહ્યા અને બોલ્યા- "સ્વામી, મેં હમણાં જ એક કવિતા લખી છે, તે હું તમને સંભળાવું છું." આ સાંભળતા જ સ્વામી બોલ્યા-" મારી પાસે અત્યારે સમય નથી." અને તે આગળ નીકળી ગયા આ વિદ્વાન સ્ત્રી પણ તેમની પાછળ ગયા. થોડી દૂર ગયા પછી એક શેડ-(છાંયડા) માં કેટલીક ગરીબ મહિલાઓ અનાજ સાફ કરતી હતી, મસાલા ખાંડતી હતી. ત્યાં સ્વામી જઈને ઊભા રહ્યા. તે વખતે તે મહિલાઓ કામ કરતી વખતે ભજનો અને ધાર્મિક ગીતો ગાતી હતી. સ્વામીને જોતા જ તેમણે ગીતો ગાવાનું બંધ કર્યું. ત્યારે સ્વામી તેમને બોલ્યા-"બંધ કેમ કર્યું? મોટેથી ગાઓ, ઈશ્વર સામે હાજર હોય અને તમે તેની સ્તુતિ ન ગાઓ?' આ સાંભળતા જ બધી મહિલાઓએ મોટેથી તે ગીતો ગાવાનું શરૂ કર્યું. પાસેની એક ખુરશી ખેંચીને સ્વામી તેની ઉપર બેઠા અને તલ્લીન થઈને તે ગીતો સાંભળવા લાગ્યા. લગભગ અડધો કલાક આ કાર્યક્રમ ચાલુ હતો.

તે વિદ્વાન સ્ત્રી (વિદૂષી) દૂર ઊભા રહીને આ બધું જોતા હતા. ' મારી પાસે હમણાં સમય નથી.' એવું કહેનારા સ્વામીને અડધો કલાક તે ગરીબોમાં રમમાણ જોઈને તેમનો અહંકાર નાશ થયો. ત્યાર પછી સ્વામીએ બધી મહિલાઓને અનાજ આપવાનું કહ્યું. બધાને પાદ નમસ્કાર અને આશીર્વાદ આપ્યા અને પછી જ ત્યાંથી નીકળ્યા.

જ્યારે જ્યારે પ્રશાંતિનિલયમમાં કોઈ ઉત્સવ હોય છે ત્યારે ત્યારે ત્યાં નારાયણ સેવા અવશ્ય થાય છે. વસ્ત્રદાન કરવામાં આવે છે. એકાદ બાંધકામ અથવા કોઈ શ્રમનું કામ ચાલુ હોય છે, ત્યારે તેમાં યોગદાન આપનારા શ્રમજીવી ઓને સ્વામી સ્વહસ્તે ભોજન આપે છે તે પ્રસંગ તો અવર્ણનીય જ છે!

॥ ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ॥